સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

એપ્રિલ - ૨૦૧૬
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-












સુરત શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઉજવાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જગન્નાથપુરી આયોજીત 'શ્રી જગન્નાથપુરી મહોત્સવ' (તા. ૨૮ થી ૫-૪-૨૦૧૬)




**સુરત શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જગન્નાથપુરી આયોજીત 'શ્રી જગન્નાથપુરી મહોત્સવ' અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ ભાગવત કથા પારાયણ'**

૧. પોથીયાત્રા પ્રારંભ. ૨. કથા અંતર્ગત શ્રીરામ જન્મોત્સવને વધાવતા પૂ. સંતો. ૩ થી ૬. કથા અંતર્ગત શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-ભક્તો. ૭. સભામંચમાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૮. પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરતા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જગન્નાથપુરી ટ્રસ્ટી મંડળના સભ્યો. ૯. લોકસાહિત્ય ડાયરો - શ્રી માયાભાઈ આહિર. ૧૦. સમગ્ર મહોત્સવના યજમાનશ્રી ધનજીભાઈ ધોળકીયા તથા ૧૧. શ્રી સવજીભાઈ ધોળકીયાને આશીર્વાદ આપતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૨. શ્રી સવજીભાઈ ધનજીભાઈ ધોળકીયા (હરિકૃષ્ણ એક્સપોર્ટ)ના નિવાસસ્થાને પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




**સુરત શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જગન્નાથપુરી આયોજીત 'શ્રી જગન્નાથપુરી મહોત્સવ' અંતર્ગત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ ભાગવત કથા પારાયણ'**

પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરતા યજમાનશ્રીઓ તથા મહાનુભાવો : ૧. મહોત્સવના મુખ્ય યજમાન શ્રી ગોવિંદભાઈ જાડા. ૨. કથાના મુખ્ય યજમાન શ્રી નાગજીભાઈ ધડુક (ઠવી). ૩. મહોત્સવના સહયજમાન શ્રી અરવિંદભાઈ કથીરીયા (પીઠવડી). ૪. ધર્મકુળપૂજનના યજમાન શ્રી મધુભાઈ તળાવીયા (આંબરડી) ૫. કથાના સહયજમાનશ્રી કનુભાઈ ડોબરીયા. ૬. સંતપૂજનના યજમાન શ્રી હરિશભાઈ ભુપતભાઈ પાંચાણી (સરાકડીયા). ૭. મહોત્સવ યજમાનના શ્રી નિલેશ ગોવિંદભાઈ જાડા. ૮. શ્રી લવજીભાઈ બાદશાહ. ૯. શ્રી જયંતીભાઈ એકલેરા. ૧૦. શ્રી કાળુભાઈ ગોળવીયા. ૧૧. શ્રી મનજીભાઈ ધોળકીયા (ભવાની જેમ્સ). ૧૨. શ્રી મહેશભાઈ સવાણી (પી.પી. સવાણી ગ્રુપ).




શ્રી રઘુવીરવાડી-વડતાલ ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં ઉજવાયેલ 'રંગોત્સવ-ધુળેટી મહોત્સવ' (તા. ૨૩-૩-૨૦૧૬)




વેરાવળ (સોમનાથ)ને આંગણે સમુદ્રમાં જૂનાગઢ ૭૩૦ કરોડ મહામંત્ર પોથીજીનું વિસર્જન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-ભક્તો (તા. ૨૫-૩-૨૦૧૬)




જૂનાગઢ પ્રદેશના ખાંભા ગીર(તા. વિસાવદર)ને આંગણે પાંભર પરિવાર દ્વારા યોજાયેલ કથાપારાયણ. (તા. ૧૦-૪-૨૦૧૬)



# સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૪, અંક :- ૩, તા. ૨૦-૦૪-૧૬

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન-વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી ::

સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::

સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

:: સંકલન ::

**સાધુ અમૃતસ્વરૂપદાસજી**

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર ::

બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-

પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : $ 200 (યુ.એસ.એ), : £ 125 (યુરોપ)

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

**Visit us :** www.sardharkatha.com

www.swaminarayanvadtalgadi.org

**E-mail :-** chintankaryalay@gmail.com




## અમૃતવાણી

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''ઓગણતેરા કાળમાં અમને એક મહિના સુધી જયારે નિદ્રા[1] આવે ત્યારે એમ ભાસતું જે, અમે પુરુષોત્તમપુરીને વિષે જઈને શ્રીજગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ. અને તે મૂર્તિ તો કાષ્ઠની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા અને પૂજારીનો ભકિતભાવ તથા છળકપટ સર્વ દેખતા.''

- ભગવાન શ્રી સ્વામિનારાયણ (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૬૮)

## અનુક્રમણિકા


૧. પ.પૂ. ભાવિઆચાર્ય ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણી ૦૬

૨. શ્રી સ્વા. મુખ્ય મંદિર - જગન્નાથપુરી મહાનુભાવો દ્વારા સ્વયં ઉદ્‌બોધિત અભિવ્યક્તિઓ ૦૮

૩. શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જગન્નાથપુરી ૧૪

૪. શ્રી જગન્નાથ મંદિર સાથે જોડાયેલી કેટલીક રસપ્રદ અને રહસ્યમય અજાણી વાતો ૨૩

૫. સત્સંગ સમાચાર પત્રિકા ૨૫


**ખાસનોંધ : 'ષોડશ સંસ્કાર પરિચય'** લેખમાળા આવાતા અંકમાં આપવામાં આવશે. જેની દરેક વાચક ભક્તોએ નોંધ લેવી.


हमारा लक्ष्य - विश्व का कल्याण हो...

Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્યઅમૃતવાણી

સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથા પારાયણ

સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથામૃત

સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦


છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦



**અમે સમગ્ર ભારતીય સંસ્કૃતિના સનાતન ધર્મોના તમામ આશ્રિતોને આહ્વાન કરીએ છીએ કે, "આ સુંદર અને દિવ્ય કાર્યમાં દરેક ભક્તો ભળજો, પોતાની યત્કિંચિત સેવા કરી ભગવાનના આ કાર્યમાં પોતાનું યોગદાન આપી પોતાની જાતને બડભાગી બનાવજો."**

# પ.પૂ. ભાવિઆચાર્ય ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણી

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યારે આપણા તીર્થોમાં **મંદિરો** નિર્માણ કરાવ્યા, તેમાં ભગવાન શ્રીહરિએ પોતાના જ સ્વસ્વરૂપો પધરાવ્યા અને દર્શનાર્થી ભક્તોને માટે રહેવા-જમવાની સગવડોનું કાર્ય કર્યું છે ત્યારે આ **પુરુષોત્તમપુરી** એટલે કે જગન્નાથપુરીમાં પણ સંપ્રદાયનું પ્રતિનિધિત્વ થાય અને એના માધ્યમે કરીને સનાતન **વૈદિક પરંપરા**ની સેવા થાય, ભગવાનના ભક્તોની સેવા થાય એવા **શુભ સંકલ્પ** સાથે મંદિર નિર્માણના **કાર્ય**નો પ્રારંભ કર્યો છે. જો આ જગતમાં મંદિરો ન હોય તો આ **સૃષ્ટિ** સ્મશાનવત્ જ હોય. ભલે માણસ **શ્વાસ** લે, શ્વાસ લે એ જરૂરી નથી પણ એ ભક્તિવિહોણા, સંસ્કાર વિહોણા, મર્યાદા વિહોણા જીવન એ શબ સમાન છે. માટે મંદિર એ ભક્તિ-ઉપાસનાનું - સંસ્કારનું અને માનવતાનું **કેન્દ્ર** છે.

કદાચ કોઈને મનમાં એવો સંકલ્પ થાય કે, જગન્નાથપુરીમાં મંદિર તો વિશાળ છે જ, તો પછી આ બીજું મંદિર કરવાની આવશ્યકતા શું છે ? તો ભારતીય સનાતન વૈદિક પરંપરાના તમામ સદ્ધર્મો અને સંપ્રદાયની આ **નૈતિક ફરજ** છે કે

ભગવાનને પામવા ઈચ્છુક જીવાત્મા એ ભગવાનની ઉપાસના-ભક્તિનું માધ્યમ અપનાવીને ભગવાન સુધી પહોંચી શકે અને એ માટે જે પણ માર્ગ કંડારવો પડે તો એ સનાતન સંપ્રદાયોની **જવાબદારી**માં આવે છે. આ મંદિરના નિર્માણથી જગન્નાથપુરીનો મહિમા વધશે એવો દાવો અમે નથી કરતા. કારણ કે, જગન્નાથપુરીનો **મહિમા** તો જ્યારથી ભગવાનનો યોગ થયો ત્યારથી વધી ગયો છે. એ પછી ચાહે ભગવાન નીલમાધવ સ્વરૂપે ત્યાં બિરાજ્યા હોય કે ભગવાન જગન્નાથજી રૂપે હોય કે પછી ભગવાન નીલકંઠવર્ણી સ્વરૂપે બિરાજીને અસુરોનો સંહાર કર્યો હોય. માટે આવા પુરુષોત્તમક્ષેત્રમાં ભગવાનના મુગટમાં **એક પીછું** વધે એમાં ભગવાનના મુગટની શોભા વધવાની છે. જે આ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ભગવાનના મુગટના એક પીછાં **સમાન** ગણાશે.

આપણી ભવિષ્યની પેઢી-એવા આ યુવાનો પોતાની આર્ય અને મૂળ ભારતીય **સંસ્કૃતિ** ભૂલીને પાશ્ચાત્ય સંસ્કૃતિમાં, વ્યસન-ફેશનના આડંબરમાં જ્યારે ખેંચાતી હોય ત્યારે એમાંથી અમારો સત્સંગી, અમારો યુવાન, અમારો ભારતીય નાગરિક પાછો વળીને મૂળ **પરંપરા**ને અનુસરે, એ ભારતીય સંસ્કૃતિનું ગૌરવ પોતાના જીવનમાં સમજે અને પોતાનું **આત્મશ્રેય** કરી શકે, પોતાના દેશને-સમાજને મદદરૂપ થઈ શકે એવો શૂરવીર યુવાન તૈયાર થાય તેના માટે તેનું **માધ્યમ** આ જગન્નાથપુરીમાં નિર્માણ થઈ રહેલ આપણું **મંદિર** બનશે.

ઘણા બુદ્ધિજીવીઓ એમ કહે છે કે, ધર્મની શું જરૂર છે ? પરંતુ અમો એમ કહીએ છીએ કે, **સદાચાર, પરોપકાર, દયા, સેવા** જેવા **શબ્દો** એ બુદ્ધિજીવીઓ ક્યાંથી લાવ્યા ? એ **સિદ્ધાંત** ને એ **ભાવના** ક્યાંથી લાવ્યા ? એ આ સનાતન **વૈદિક ધર્મો** અને **પરંપરાઓ**એ આપણને આપેલી છે. માટે જ્યાં **મૂળ** હશે ત્યાં જ વૃક્ષ થશે અને ત્યાં જ એના ફળની પ્રાપ્તિ થશે. તેથી અમે મૂળને **પોષણ** આપીએ છીએ. આ મંદિર એ મૂળને પોષણ આપવા માટેનું **કાર્ય** છે. માટે અમે સમગ્ર ભારતીય સંસ્કૃતિના સનાનત ધર્મોના તમામ આશ્રિતોને આહ્વાન કરીએ છીએ કે, આ સુંદર અને દિવ્ય કાર્યમાં દરેક ભક્તો ભળજો, પોતાની યત્કિંચિત **સેવા** કરી ભગવાનના આ કાર્યમાં પોતાનું **યોગદાન** આપી પોતાની જાતને **બડભાગી** બનાવજો.

જગન્નાથપુરી મહોત્સવ - ૨૦૧૩માં ઓરિસ્સાના ભક્તો અમારે ઉતારે આવ્યા હતા ત્યારે અમે તેમને પૂછ્યું હતું કે, તમને આ ગુજરાતીમાં શું ખબર પડે છે ? ત્યારે તે ભક્તોએ કહ્યું હતું કે, મહારાજ ! અમને સમજાતું તો કંઈ જ નથી પણ હૃદયમાં **શાંતિ**ની ખૂબજ **અનુભૂતિ** થાય છે. ત્યારે અમારા મનમાં સંકલ્પ થયો કે આ એક તો ભગવાનના સ્થાનનો મહિમા અને બીજો ભગવત્ કથાનો મહિમા. ઘણાને મનમાં સંકલ્પ થતો હોય (અથવા) હશે કે અમારે આ તીર્થક્ષેત્રમાં ભગવત્ કથાનું શ્રવણ કરવું, કોઈને ચાતુર્માસ ભજન કરવું છે, કોઈને ભગવાનની ભક્તિ કરવી છે ત્યારે એવા સંકલ્પોને પરિપૂર્ણ કરવા માટે અહીં એક સુંદર મંદિરનું નિર્માણ થાય કે જેમાં તમામ ક્ષેત્ર, તમામ પ્રાંત, તમામ ભાષા, તમામ પ્રદેશ, તમામ જ્ઞાતિ એ મંદિરમાં પોતાના આત્મશ્રેયને સાધી શકે અને ભગવાન શ્રી સ્વામિનારાયણના **'સર્વજીવહિતાવહ'**ના સંકલ્પને લઈને આ મંદિર નિર્માણનો **સંકલ્પ** કરવામાં આવ્યો છે. અને અમોને **વિશ્વાસ** છે કે ભગવાન શ્રીહરિ એ સંકલ્પ ચોક્કસ **પરિપૂર્ણ** કરશે અને તમામ દાનવીર ભક્તોને પણ આમાં સેવા કરવા બદલ પૂર્ણ **ફળ**ની પ્રાપ્તિ થશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે મધ્ય પ્રકરણના ૨૭મા **વચનામૃત**માં કહ્યું છે કે, અમે ત્યાગનો પક્ષ મોળો પાડીને મંદિર કરાવીએ છીએ. કારણ કે એમાંથી ભક્તિ-ઉપાસનાનું પોષણ થશે ને હજારો જીવોનું કલ્યાણ થશે. માટે જ જ્યારે ભગવાન

**અનુસંધાન પેજ - ૧૩ પર...**



**પ.પૂ. નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** (વડતાલ)

જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણના રાજીપાથી અને પ.પૂ. પિતાશ્રી તથા પ.પૂ. મોટાભાઈશ્રીના સંકલ્પ પ્રમાણે જગન્નાથપુરીમાં **દિવ્ય** અને **ભવ્ય** મંદિરનું નિર્માણકાર્ય થતું હોય ત્યારે અમો ચોક્કસપણે કહીશું કે, આપણે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિનું કાર્ય આપણે હાથમાં લીધું છે. તેમાં નાના-નાના બાળકોનું પણ દાન ભળ્યું છે ત્યારે જગન્નાથપુરી ધામમાં આપણા **મંદિર**ના શિખર અવશ્યમેવ ચડી ગયા છે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જગન્નાથપુરી
# મહાનુભાવો દ્વારા સ્વયં ઉદ્‌બોધિત અભિવ્યક્તિઓ




## પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)

પરોપકાર માટે માંગતા શરમ ન થવી જોઈએ. જગન્નાથપુરીમાં નિર્માણ થનાર સંકુલ માટે તમારી પાસે **રજૂઆત** કરી છે તેમાં તમામ સંપ્રદાયના ભક્તોએ ધારણા કરતા વધારે આપ્યું છે. અને તમે આપેલું તમારા માટે જ વાપરશું. તમારો વિશ્વાસઘાત નહીં થવા દઈએ. તમે ધાર્યું હશે એના કરતા પણ સવાયું પરિણામ આપીશું. જગન્નાથપુરીમાં કોઈ ગયું હશે તેને પૂછશો કે કેમ થયું ? તો પ્રત્યેકના મુખમાંથી એવો **જવાબ** નીકળશે કે રહેવા-જમવાની ખૂબ સારી વ્યવસ્થા હતી, ભજનનું ખૂબ સુખ આવ્યું, કથાપારાયણ કરવા ગયા હતા પણ કોઈ જ તકલીફ ન પડી. બધા પ્રકારની **સુવિધા** પ્રાપ્ત થઈ. મારા દીકરાને આઈ.એ.એસ ઓફિસર થવું હતું એનીય વ્યવસ્થા થઈ ગઈ. એમ તમામ લોકોના જવાબો **હકાર**માં જ મળશે. ભગવાન શ્રીહરિની પૂર્ણકૃપાથી અને તેઓના જ અપરસ્વરૂપસમા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીને **દિવ્ય સંકલ્પ** થયો કે, જગન્નાથપુરીને વિષે આપણે એક **ભવ્ય મંદિર** નિર્માણ કરવું છે. અને એ ધાર્મિક અને સામાજિક કાર્યના સમન્વયરૂપે **સંકુલ** તૈયાર થાય. આજે એ **નિર્માણકાર્ય** કરવા જઈ રહ્યા છીએ ત્યારે એના લાભાર્થે ભક્તોએ હૃદયની શુદ્ધ ભાવનાની સાથે દાન આપ્યું છે. એ તમામ સેવાને અમે સાદર સ્વીકારીએ છીએ. ભગવાન શ્રીહરિને **પ્રાર્થના** કરીએ છીએ કે, એ તમામ ભક્તોને આપ ધનના બદલામાં ધનનું **વળતર** તો આપજો જ પણ સાથે સાથે એમને **મુક્તિ**નું પણ વળતર આપજો.

## શ્રી મનજીબાપા (ગુરુઆશ્રમ - બગદાણા)



હું પચાસેક વાર જગન્નાથપુરી જઈ આવ્યો છું અને મને ખ્યાલ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે નીલકંઠવર્ણી સ્વરૂપે ત્યાં ખૂબ બિરાજીને **ધાર્મિકતા** તેમજ **માણસાઈ**નો ખ્યાલ બધાને આપ્યો છે. જગન્નાથપુરીનો એટલો **મહિમા** છે કે ત્યાં જીવનમાં એકજ વાર જાવ પછી ક્યારેય બીજા કોઈ તીર્થોમાં ન જઈ શકાય તો પણ ચાલે. પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામીને હું સુરત સમાજ વતી **આમંત્રણ** આપું છું કે, ફક્ત જગન્નાથપુરીમાં જ નહિ, પણ હિન્દુસ્તાનના દરેક ગામડાઓમાં આવો મંદિર બંધાવવાનો યજ્ઞ કરો.



## પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી (બગસરા)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના **સંકલ્પ**થી પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે જગન્નાથપુરીમાં ભવ્ય સંકુલ નિર્માણ પામી રહ્યું છે ત્યારે એ **નિર્માણકાર્ય**ની સાથે સાથે અનંત આત્માઓનું પણ **કલ્યાણ** થશે. અનેક જીવાત્માને આ સ્થાનમાં આ લૌકિક સુખ-સુવિધાની સાથે પારલૌકિક પણ સુખની પ્રાપ્તિ થશે. અમે તમામ ભક્તોને **અનુરોધ** કરીએ છીએ કે, આ સંકુલના નિર્માણકાર્યમાં યથાશક્તિ પ્રમાણે સૌ કોઈ ભળીને **સેવાદાન** કરજો. આજે આ પવિત્ર ધરતીમાં યજ્ઞનારાયણની સાક્ષીએ **સંકલ્પ** કરીએ કે, જલદીથી જલદી આપણા આ વિશાળ સંકલ્પને ભગવાન શ્રીહરિ **સાકાર** કરે તેવી શ્રીચરણોમાં **પ્રાર્થના.**

## પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી (ગઢડા)



આપણી સંપત્તિની કિંમત ત્યારે જ વધશે જ્યારે સત્સંગને અર્થે, ધર્મને અર્થે, સમાજને અર્થે અને આવા જગન્નાથપુરીધામમાં **નવનિર્માણ મંદિર**ને અર્થે વાપરશું. બાકી તો બધું અહીયા જ પડ્યું રહેવાનું છે. આ ધામમાં સૌથી મોટો **ફાયદો** એ થશે કે માણસના મનને સંતુષ્ટિ મળશે. અહીં કોઈ આવશે તો સાત્ત્વિક ભોજનની સાથે **શાંતિ** મળશે. આ સ્થાન એ વડતાલ ગાદીના પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિઆચાર્ય પ.પૂ. શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞામાં રહીને અને સંપ્રદાયના **સિદ્ધાંત**માં વણાઈને નિર્માણ પામી રહ્યું છે. માટે આમાં જેનાથી જે શક્ય હોય તે પ્રમાણે **અતિ સહકાર** આપજો.



## પૂ. મહંત શા. સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી (જૂનાગઢ)

પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ જગન્નાથપુરીમાં **શિખરબધ્ધ મંદિર** કરવાનો **સંકલ્પ** કર્યો. કારણ કે, ભગવાન શ્રી સ્વામિનારાયણે નીલકંઠવર્ણી સ્વરૂપે સાત વર્ષ સુધી **વનવિચરણ** કર્યું તેમાં વધારેમાં વધારે ક્યાંય રોકાણા હોય તો તે જગન્નાથપુરીમાં **દસ માસ** સુધી રોકાણા છે. ભગવાન શ્રીહરિ **વચનામૃત**માં કહે છે કે, "...અમે પુરુષોત્તમપુરીને વિષે જઈને શ્રીજગન્નાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ, અને તે મૂર્તિ તો કાષ્ઠની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા, અને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ દેખતા..." આમ, આ જગન્નાથપુરી તીર્થનો મહિમા ખૂબજ છે. એમાં કોઈ દાન આપશે એનું કલ્યાણ ભગવાન શ્રી સ્વામિનારાયણ કરશે. કારણ કે, જેવા આપણા **છ ધામો** છે એવું જ **એક** આ **ધામ** નિર્માણ પામી રહ્યું છે. છ ધામોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે મૂર્તિઓ પધરાવી છે અને જગન્નાથપુરીમાં શ્રીજગન્નાથજી ભગવાનની મૂર્તિમાં રહીને દર્શન આપ્યા છે માટે દરેક ભક્તો પોતાની **યથાશક્તિ** પ્રમાણે આ સંકુલમાં **યોગદાન** કરે એવી અમારી લાગણી અને ભાવના છે.

## પૂ. એસ.પી. સ્વામી (ગઢડા)



જગન્નાથપુરીમાં તૈયાર થનારું વિશાલ સંકુલ ફક્ત એક મંદિર જ નહિ હોય, પણ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંકલ્પ અનુસાર આર્થિક સ્થિતિ સામાન્ય ધરાવતા વિદ્યાર્થીઓને પણ મદદ કરનારું બની રહેશે. આ સંકુલ ફક્ત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું જ સંકુલ નથી, પરંતુ આવતા તમામ ધર્માચાર્યો અને તમામ સંપ્રદાયના અનુયાયી માટેનું આ **સંકુલ** હશે. જગન્નાથપુરીમાં દર્શન કરવા આવતા દર્શનાર્થીઓને રહેવા-જમવાની સુવિધા મળે, શાંતિ મળે અને પોતાના ઘરે આવ્યા હોય તેવી લાગણી-ભાવના થાય તેવું આ સંકુલ **નિર્માણ** થશે. એક સાધુ તરીકે હું ખાતરી આપું છું કે, પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામી જગન્નાથપુરીમાં જે સંકુલ નિર્માણ કરવા જઈ રહ્યા છે એ ભારતીય સંસ્કૃતિ માટે એક **દીવાદાંડીરૂપ** સંકુલ બનશે. શારદાપીઠ-દ્વારકા અને ગોવર્ધનપીઠ-જગન્નાથપુરી - આ બંનેના પ.પૂ. શંકરાચાર્યોએ આપણા આ સંકુલની નોંધ લીધી છે. માટે આ **ભગીરથ કાર્ય** માત્રને માત્ર સમાજને સુખી કરવા માટે સંસ્કારની સાથે શિક્ષણ મળી રહે એ માટે છે ત્યારે આપણે સૌ કોઈ ફૂલ નહિ તો ફૂલની પાંખડી સ્વરૂપે લાભ લઈ જીવનને **ધન્ય** બનાવીએ.



## પૂ. શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી (લાડવી)

જ્યારે જગન્નાથપુરીમાં આવું **દિવ્ય ધામ** ખડું થશે ત્યારે ખરેખર આપણને 'ગુજરાત ઈન ઓરિસ્સા' અને 'ઓરિસ્સા ઈન ગુજરાત' એવો ભાવ થશે. ભગવાન શ્રી સ્વામિનારાયણના **ત્રણ સંકલ્પો** પૈકીનો **એક સંકલ્પ** હોય અને બાકીના બંને સંકલ્પોને **પોષણ** આપતો હોય તો એ સંકલ્પનું **કાર્ય** એ મંદિરો નિર્માણ કરવાનું છે. આજે તમામ સંપ્રદાયોના આશ્રિતો તેમને પણ એમ થઈ જાય કે જગન્નાથપુરી ધામમાં જે **મંદિરનું નિર્માણ** થઈ રહ્યું છે એ અમારું મંદિર નિર્માણ થઈ રહ્યું છે. અહીં સનાતનધર્મ અને માનવતાનું કેન્દ્ર બનશે. માટે આ ભવ્ય સંકુલના નિર્માણકાર્યમાં આપણે સૌ કોઈ **ઉદાર હાથે** સેવા કરીને જીવનની **સાર્થકતા** સાધી લઈએ.



## પૂ. શા. સ્વામી શ્રી પુરુષોત્તમચરણદાસજી (ઝુંડાલ)

રાષ્ટ્ર, ધર્મ અને સંસ્કૃતિનો **સમન્વય એટલે** જગન્નાથપુરી મહોત્સવ. ભગવાન શ્રી સ્વામિનારાયણ **શિક્ષાપત્રી**માં કહે છે કે, જગન્નાથપુરીમાં પ્રસાદ લેવામાં દોષ નથી. તો હું ચોક્કસપણે એવું કહીશ કે ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના **સંકલ્પ**થી પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે નિર્માણ થતું જગન્નાથપુરીના આ કાર્યમાં દાન દેવામાં પણ કોઈ દોષ નથી. જ્યારે ધર્મ અને સમાજ બંને એકરૂપ ધારણ કરે એને **જગન્નાથપુરી મહોત્સવ** કહેવાય. ભારત દેશની સંસ્કૃતિને **જીવંત** રાખવી હોય, ભારતના આચાર-વિચારને જો જીવંત રાખવા હોય, ભારતીય સંસ્કૃતિની માનવતાને જો જીવંત રાખવી હોય તો આવા **કાર્યો**માં ભળીએ. જગન્નાથપુરીમાં જે સ્થાન **નિર્માણ** પામશે તે ફક્ત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું જ ન રહેતા - વૈષ્ણવ, રામાનંદી, શિવપંથી વગેરે સંપ્રદાયોના તમામ ભક્તો **લાભ** લઈ શકશે. હિન્દુ ધર્મનું ગૌરવવંતુ સ્થાન જગન્નાથપુરીમાં થઈ રહ્યું છે ત્યારે એ કાર્યને સફળ બનાવવા આપણે સૌ સાથે મળીને આગળ વધીએ.

## પૂ. પુરાણી સ્વામી શ્રી શ્રીહરિદાસજી (વરજાંગ જાળિયા)



શ્રી જગન્નાથપુરી જેવા પાવનકારી ક્ષેત્રમાં ભારતીય **સંસ્કૃતિ**નું એક **નજરાણું** તૈયાર કરાવવા માટે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ જે **સંકલ્પ** કર્યો અને સંકલ્પ સફળ કરવા પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામી તથા સંતમંડળે જ્યારે કાર્ય હાથ ધર્યું એ નિમિત્તની સર્વને જાણ થાય અને સેવાનો લાભ મળે તે માટે સુરતમાં આ મહોત્સવનું **આયોજન** થયું છે. અત્યાર સુધીમાં કોઈ સંપ્રદાયનો આશ્રિતોએ જગન્નાથપુરીમાં ગુજરાતનું ગૌરવવંતુ સ્થાન હજુ સુધી બનાવ્યું નથી પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વડતાલ ગાદીના પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ભાવિઆચાર્ય પ.પૂ. શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સંકલ્પ કર્યો અને સંકલ્પને પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામી તથા આ સભામાં બિરાજમાન પૂ. સંતોએ વધાવી લીધો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે જેને **શ્રેષ્ઠ ધામ**ની પદવી સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનમાં આપી અને શિક્ષાપત્રીમાં પણ સ્વહસ્તે ભગવાન શ્રીહરિએ જગન્નાથપુરીને યાદ કર્યું છે એવું મહાન **તીર્થક્ષેત્ર** જગન્નાથપુરી કે જ્યાં ભગવાન શ્રી જગન્નાથજીની મૂર્તિમાં ભગવાન શ્રીકૃષ્ણના પાર્થિવ દેહનું આહ્વાન છે એવા પવિત્ર તીર્થમાં જ્યાં આપણે **વિશાળ મંદિર** તેમજ કોલેજીયન વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે રહેવા-જમવાની વ્યવસ્થા, કથાવાર્તા માટે સત્સંગ હોલ, યાત્રિકો માટે ભોજનાલય - ઉતારાની **વ્યવસ્થા** અને લાખો ભક્તો જે આ સ્થાનમાં આવે એને માટે રહેવા-જમવાની **સુવિધા** કરવી. આવી વાત કરે ને ત્યાંય ટાઢ ચડી જાય, કરવાની વાત તો એકબાજુ રહી. એવું **મહાનકાર્ય** કરી રહ્યા હોય તેમાં આપણે તો ચપટી આપીને આપણું કામ સુધારી લેવું.



## પૂ. કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી (સરધાર)

શ્રીહરિની પૂર્ણકૃપાથી અને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધાર, મહુવા, ભાવનગર અને મુંબઈ વિશાળ મંદિરોના **નિર્માણકાર્ય** થઈ રહ્યા છે. પૂ. સ્વામીના માર્ગદર્શન પ્રમાણે અહીં ગુજરાતમાં ગામડે-ગામડે મંદિરોનું નિર્માણકાર્ય થઈ રહ્યું છે, પરંતુ ગુજરાત રાજ્ય બહાર ઓરિસ્સા રાજ્યમાં જગન્નાથપુરીને વિષે શિખરબધ્ધ મંદિર માટે આયોજન થયું ત્યારે આમાં સ્વયં ભગવાન શ્રીહરિની ઈચ્છા હશે કે મારે અનંત જીવોના કલ્યાણ કરવા છે. માટે જે ભક્તો આ કાર્યમાં તન-મન-ધનથી **સાથ-સહકાર** આપશે એના પર ભગવાન શ્રી સ્વામિનારાયણનો **રાજીપો** ઉતરશે અને ખરેખર ભગવાન શ્રીહરિને રાજી કરવાનો આ **સોનેરી અવસર** પ્રાપ્ત થયો છે.

## પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી (સરધાર)



પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંકલ્પથી મહુવા, ભાવનગર અને જગન્નાથપુરીના આવડા મોટા **સંકુલો** નિર્માણ પામવાના હોય ત્યારે ફક્ત સંકલ્પની રજૂઆત કરે અને દાનની **સરવાણીઓ** વહે એ બતાવે છે કે, એમાં ભગવાન શ્રીહરિ **સ્વયં** ભળ્યા છે. જગન્નાથપુરીમાં મંદિર નિર્માણની લક્ષ્ય ચેનલના માધ્યમથી જાહેરાત થઈ ત્યારે દરેક ધર્મ-સંપ્રદાયના ભક્તો ભેદભાવ ભૂલીને બધાને એમ જ લાગે છે કે આજે **અમારૂં કાર્ય** થઈ રહ્યું છે.

'જેણે કરી મંદિરની સેવા, વળી પૂજ્યા સંત મુક્ત જેવા, તેનું ફળ છે **અક્ષરધામ...**' આજે અહીં જગન્નાથપુરી માટે સર્વે કોઈ **દાન** આપી રહ્યા છો, પરંતુ એ તમે ઠાકોરજીને આપતાં નથી પણ અનેકગણું કરીને પાછું મેળવો છે. દુનિયાની કોઈ એવી બેંકની **તાકાત** નથી કે જે વ્યાજ ઠાકોરજીની બેંક આપી શકે તેવું વ્યાજ દુનિયાની બેંકો આપી શકે. જેવડો બંગલો હોય એવડો દરવાજો ન હોય, દરવાજો હોય એવી બારી ન હોય, બારી હોય એવડું તાળું ન હોય ને તાળું હોય એવડી ચાવી ન હોય. ચાવી તો નાની એવી હોય, પણ નાની એવી ચાવી આખા બંગલાને ખોલ-બંધ કરે એમ આવું **ભગીરથ કાર્ય** થઈ રહ્યું છે એમાં જે તન-મન અને ધનથી સેવા કરશે એના પર જો ધર્મકુળ પરિવાર, સંતો-મહાપુરુષોનો રાજીપો ઢળી જાય તો બેડો પાર થઈ જાય.

## પૂ. સ્વામી શ્રી યોગેશ્વરદાસજી (સરધાર)



જ્યારે આપણે શ્રીમદ્ ભાગવત ગ્રંથનું **કથામૃત પાન** કરી રહ્યા છીએ ત્યારે નવ દિવસમાં એ પૂર્ણ થશે, પરંતુ એ પૂર્ણ થયા પછી આપણે કરવું શું ? ૧૮૦૦૦ શ્લોકથી સભર શ્રીમદ્ ભાગવત ભગવાન શ્રી વેદવ્યાસજીની કલમે લખાયેલ ગ્રંથ છે. જો આ ગ્રંથમાંનો **એક શ્લોક** કે જેને ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા પ્રથમ પ્રકરણના ૫૪મા અને મધ્ય પ્રકરણના ૫૪મા વચનામૃતમાં એ શ્લોક દ્વારા આ વાતને સ્પષ્ટ કરી છે કે, જેવી જીવાત્માને પોતાના સંબંધીને વિષે **આત્મબુદ્ધિ** છે એવી સત્પુરુષમાં થઈ જાય તો એ જીવાત્માને **મોક્ષનું દ્વાર** ઉઘાડું થઈ જાય છે. અને એવા સત્પુરુષ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંકલ્પ અને આજ્ઞાથી જગન્નાથપુરીમાં અમારા ગુરુ પૂ. સ્વામીના માર્ગદર્શન પ્રમાણે આ **દિવ્ય કાર્ય** થતું હોય ત્યારે તમામ ભક્તો પણ યથાયોગ્ય **લાભ** લઈને જીવનને **ધન્ય** બનાવે તેવી નમ્ર **અભ્યર્થના** સહ...

## પૂ. સ્વામી શ્રી નિર્દોષચરણદાસજી (બગસરા)



જગન્નાથુપરીમાં **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર** એ કેવળ સંપ્રદાયનું ગૌરવ નહિ, ગુજરાત રાજ્યનું ગૌરવ નહિ પણ સમગ્ર **ભારત દેશ** અને **વિશ્વનું ગૌરવ** બનશે. આ કાર્યમાં જે જે ભક્તોએ **દાન** કર્યું છે અને કરશે એ તમામનું દાન ભગવાન શ્રી સ્વામિનારાયણના ચોપડે **જમા** થશે એમાં કોઈ સંશય નથી.

## પૂ. આશિષ મહારાજ (ભાગવત કથાકાર)



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું જગન્નાથપુરીમાં **દિવ્ય ધામ** નિર્માણ થઈ રહ્યું છે તેમાં જે કોઈ તન-મન અને ધનથી સેવા આપી રહ્યા છે તે સર્વેનું પણ બહુ મોટું ભાગ્ય ઉદિત થયું હોય એમ લાગે છે. અને જેનું બહુ મોટું ભાગ્ય હોય છે તેને જ આવા નિઃસ્વાર્થ કાર્યમાં **સેવા**નો **અવસર** પ્રાપ્ત થતો હોય છે.

## **પૂ. શા. સ્વામી શ્રી સર્વમંગલદાસજી** (વડતાલ)



પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના **સંકલ્પથી** પૂ. સ.ગુ. શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામીના માર્ગદર્શન પ્રમાણે જગન્નાથપુરીમાં **ભવ્ય મંદિર** અને તેની સાથે સાથે અનેક **ધાર્મિક-સામાજિક પ્રવૃત્તિઓ**નું કાર્ય થવાનું છે ત્યારે તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સમગ્ર ધર્મકુળ પરિવારનો **સંપૂર્ણ રાજીપો** રહ્યો છે. કારણ કે, સ્વયં ધર્મકુળ પરિવાર પણ ભક્તોને **પ્રેરણા** કરીને આ કાર્યમાં રાજીપો દર્શાવી રહ્યા છે. પૂ. સ્વામીએ ધર્મકુળ પરિવારના **આશીર્વાદ** અને આજ્ઞાથી જગન્નાથપુરીમાં આ નવનિર્માણનું જે કાર્ય કરવાનું નિર્ધાર કર્યો છે તે સમગ્ર ભારત વર્ષ માટે અને તેમાં પણ ગુજરાત રાજ્ય માટે **ગૌરવ સમાન** તેમજ **અદ્વિતીય** બની રહેશે. આ જગન્નાથપુરીમાં નિર્માણ પામનાર સંકુલને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અને પૂ. બ્રહ્મનિષ્ઠ સંતોએ ભગવાન શ્રીહરિ સ્થાપિત છ ધામ તુલ્ય ઉપમાઓ આપી છે તે ખરેખર યોગ્ય છે. આ કાર્ય તો આપણા જેવા નાના ભક્તો માટે **કલ્પના** બહારની **વાત** છે. માટે જગન્નાથપુરીમાં સંપ્રદાયના ગૌરવસમાન કાર્યમાં આપણે સૌને **સેવા** કરવાનો **અમૂલ્ય અવસર** પ્રાપ્ત થયો છે, તેમાં સંપૂર્ણપણે મદદરૂપ થઈ જીવનને **સાર્થક** કરીએ.



## **શ્રી માયાભાઈ આહીર** (લોકસાહિત્યકાર)

જગન્નાથપુરીમાં મંદિર નિર્માણનું કાર્ય એ **બેલેન્સ** કરવાનું **કાર્ય** છે. બેંકનો મેનેજર આપણો સગો દીકરો હોય અને આપણા ખાતામાં એક પણ પૈસા પડ્યા ન હોય અને આપણે ચેક આપી પૈસા ઉપાડવા જઈએ ત્યાં પંડનો દીકરો હોવા છતાં એક પણ રૂપિયો આપે નહીં. પરંતુ આપણા ખાતામાં લાખો રૂપિયાનું બેલેન્સ હોય અને બેંક મેનેજર આપણો દુશ્મન હોય તોપણ તેને રૂપિયા આપવા જ પડશે. શા માટે ? આપણા બેંક ખાતામાં આપણું બેલેન્સ પડ્યું છે. તેમ આવા સત્‌કાર્યમાં આપણી સંપત્તિનો વ્યય કરવો એ આપણી પેઢીઓના બેલેન્સ પુરાવવા જેવું કામ છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના **આશીર્વાદ**થી પૂ. સદ્‌ગુરુ શ્રી નિત્યસ્વરૂપદાસજી સ્વામીએ સરધાર, મહુવા, ભાવનગર વગેરે સ્થાનોમાં **અદ્‌ભુત કાર્યો** કર્યા છે. પરંતુ અહીંથી (ગુજરાતથી) જોજનો દૂર જગન્નાથપુરીમાં - ભગવાન **શ્રી સ્વામિનારાયણ** ત્યાં પધારેલા છે અને ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર, બહેન સુભદ્રા અને બળદેવભૈયા ત્રણેય એકજ મંદિરમાં બિરાજતા હોય એવું **એકજ મંદિર** જગન્નાથપુરી છે તેવા ધામમાં પણ પૂ. સ્વામીજીએ **વિરાટ કાર્ય**નો પ્રારંભ કર્યો છે. વિનામૂલ્યે ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે છાત્રાલય, યાત્રિક નિવાસ, ભોજનાલય અને કોઈપણ સંપ્રદાય કે જાતિભેદભાવ વિના જગન્નાથપુરી તીર્થક્ષેત્રમાં કથા કરાવી શકે તે માટે વિશાળ કથા સભામંડપોનું નિર્માણકાર્ય થશે, જે ખરેખર સાધુસમાજ અને દેશ માટે **અતિ ગૌરવ**ની બાબત છે.

જગન્નાથપુરીમાં નિર્માણાધીન આ **સંકુલ**માં કોઈને ઉતારો કરવો હોય કે ભોજન કરવું હોય, કથા કરાવવી હોય કે પછી ભજન-ભક્તિ કરવી હોય, એનો એકપણ રૂપિયો ચાર્જ ન લેવો એ માટે પ.પૂ. લાલજી મહારાજશ્રી, પૂ. સ્વામીજી અને તમામ દાનવીર દાતાઓને મારા **કોટિ કોટિ વંદન** છે. પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. સ્વામીનો સંકલ્પ તો જુઓ - નાનામાં નાના ગરીબ માણસની ભણવાની ફી પૂરી પાડે છે એનો મને **અતિ આનંદ** છે. છેવાડાના માણસ સુધી પહોંચવાની જેનામાં તાકાત આવી જાય ત્યારે માની લેજો એ **પરમતત્ત્વ પરમાત્મા સુધી** પહોંચેલો હોય અને તો જ છેવાડાના માણસ સુધી પહોંચી શકે.

**શ્રી ઘનશ્યામભાઈ લાખાણી** (લોક હાસ્યકાર)



ઘણા લોકો કહેતા હોય છે કે, હું ચંપલ નહીં પહેરું, તુવેર કે અડળની દાળ નહિ ખાવ. પરંતુ હવે એવી માનતાઓ (જે લોકો શ્રદ્ધાભાવથી કરતા હોય તેને મારા વંદન) બહુ થઈ. પણ હવે એવા **નિયમ** લઈએ કે, કોઈક આર્થિક સ્થિતિના અભાવે ન ભણી શકતા હોય તેવા વિદ્યાર્થીઓને ભણાવીશ, કોઈકની દીકરીનું કન્યાદાન દઈશ. અને આવું જગન્નાથપુરીમાં ગુજરાત રાજ્યના ગૌરવ સમાન **આધ્યાત્મિક** અને **સામાજિક** ક્ષેત્રે નિર્માણ પામતા સંકુલમાં યથાયોગ્ય **દાન** કરીશ.



**માન. શ્રી હરિભાઈ પટેલ** (પ્રમુખશ્રી, કડવા પાટીદાર સમાજ - ભુવનેશ્વર, ઓરિસ્સા)

જગન્નાથપુરીમાં મોટું ધામ અને મોટું **સંકુલ** નિર્માણ થવા જઈ રહ્યું છે ત્યારે અમે બધા (ગુજરાતી સમાજ) ખૂબજ ભાગ્યશાળી છીએ કે આપણા ગુજરાત રાજ્યનું ગૌરવ અને આન-બાન ને શાનને વધારતું સંકુલ થશે. અમે પ.પૂ. મહારાજશ્રી અને સંતોને **બાંયધરી** આપીએ છીએ કે, અમે તમામ ગુજરાતી સમાજના સભ્યો - ૮ વર્ષ થી લઈને ૮૦ વર્ષ સુધીના તમામ વ્યક્તિઓ આ કાર્યમાં તન-મન અને ધનથી સેવા કરવા તત્પર રહેશું. એક પણ **હાકલ** પડશે ત્યારે અમે આ કાર્ય માટે **તૈયાર** રહેશું.

## અનુસંધાન પેજ - ૭નું ચાલુ...

શ્રીહરિના સિદ્ધાંતો અને સંસ્કૃતિના રક્ષણ માટે, ભારતીય વૈદિક પરંપરા તથા સંસ્કૃતિના રક્ષણ માટે જ્યારે આવું કાર્ય થતું હોય ત્યારે એમાં સહભાગી થવું એમાં જ ભગવાનનો રાજીપો હોય ને એ રાજીપાથી જ કાર્ય સફળ થાય છે, પણ પુરુષ પ્રયત્નથી નહિ. માટે આ ભગવાન શ્રીહરિની કૃપાથી નિર્માણ થાય છે ને એમાં આપણને સેવા કરવાનો અવસર મળે છે એ આપણા **મહદ્ ભાગ્ય** છે.

ભગવાન શ્રીહરિની અસીમકૃપાથી જે **દિવ્ય સંકલ્પ** છે કે - જગન્નાથપુરીધામમાં ભગવાનનું **દિવ્ય ધામ** નિર્માણ થાય, જ્યાં હજારો ભક્તો પોતાના શ્રદ્ધા-ભાવને અર્પણ કરી શકે, કથાવાર્તા, ઉત્સવ-સમૈયા, ભક્તિ-ઉપાસના અને સાથે સાથે પોતાના વ્યવહારિક જીવનમાં પણ જેને વિદ્યાભ્યાસ વગેરે કાર્ય માટે આગળ વધવું છે એમને અનુકૂળ સ્થાન પ્રાપ્ત થઈ શકે એના માટે જે સંકલ્પ કરીને **'શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર'** જગન્નાથપુરીમાં **નિર્માણ**નો સંકલ્પ કર્યો એ સંકલ્પમાં અમો એમ કહીએ તો અતિશયોક્તિ નથી કે જેમની આર્થિક સ્થિતિ ખૂબ નબળી હોય એ દુબળી ભટ્ટ જેવા ભક્તોએ પણ આ ભગવત્ કાર્યમાં સેવા અર્પણ કરી છે. એ વાત જ બતાવે છે કે આ સત્સંગ પ્રત્યે, ધર્મ પ્રત્યે, ભગવાનને રાજી કરવા ભક્તોને કેટલી ખુમારી અને શ્રદ્ધા-આસ્થા છે.

આપણા ગુજરાત રાજ્યમાં તો **સત્સંગ**નો ખૂબ **વ્યાપ** છે જ પણ ગુજરાતની બહાર અન્ય રાજ્યોની પ્રજામાં પણ સત્સંગનું **પોષણ** મળતું રહે, ભક્તિ-ઉપાસનાનું પોષણ મળતું રહે એના માટે આવા તીર્થોમાં જ્યારે આવા સ્થાન નિર્માણ થતા હોય તો એ ખરેખર આપણા સૌના માટે **ગૌરવની વાત** છે. આ કાર્ય તો સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સંકલ્પથી થાય છે એટલે આપણને તો માત્ર લાકડી અડાડવાનું ગૌરવ પ્રાપ્ત થાય એજ આપણા મોટા **અહોભાગ્ય** છે અને આજના દિવસે અમને એ **ચરિતાર્થ** થતું દેખાય છે.

જગન્નાથપુરીમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ, ગુજરાત રાજ્યનું ગૌરવ, ઓરિસ્સા રાજ્યનું ગૌરવ, ભારતીય સંસ્કૃતિનું ગૌરવ અને સમગ્ર વિશ્વમાં એની કીર્તિ થાય એવું સુંદર **નિર્માણકાર્ય** આપણે સૌ સાથે મળીને કરીશું.


શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તથા ગુજરાત અને ઓરીસ્સા રાજયના ગૌરવ સમાન
શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર
જગન્નાથપુરી
સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ
અધ્યક્ષશ્રી
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
પ્રયોજક : પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી
ઉપાધ્યક્ષશ્રી
પ.પૂ. ૧૦૮શ્રી ભાવિ આચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
બાલુખંડ, કોર્ણાક-પુરી મરીન ડ્રાઇવ રોડ, પુરી (૭૫૨૦૦૧) ઓરીસ્સા.



ઈતિહાસ

# મહિમા

યશ ગાથા



શ્રી જગન્નાથ ભગવાન



દુરાચારી અસુરોનો વિનાશ

વિશ્વવંદ્ય એવી ભારતીય સંસ્કૃતિના અનેક ધર્મગ્રંથોમાં વર્ણન કરાયેલા **અતિ પ્રસિદ્ધ** અને **મહિમાશાળી** ભારત દેશના મુખ્ય ચાર **તીર્થધામ** માંહિલું એક તીર્થ એટલે **જગન્નાથપુરી.** જગન્નાથપુરીમાં બિરાજમાન **શ્રી જગન્નાથ ભગવાન**ના નિરંતર નિવાસથી પોતાને વિષે ભગવદ્ દર્શનાર્થે પ્રવેશ કરનાર યાત્રાળુઓના પાપમાત્રને દર્શનમાત્રથી જ નાશ કરે છે. ભારત દેશના અતિ ગૌરવભર્યા આ તીર્થધામમાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પણ **નીલકંઠવર્ણી** સ્વરૂપે તીર્થોમાં વન વિચરણ કરતી વખતે અહિં સં. ૧૮૫૪માં પધાર્યા હતા. આ સ્થાનમાં પૃથ્વીના ભારરૂપ બનેલા કેટલાક દુરાચારી અસુરોના નાશ માટે ભગવાન શ્રી જગન્નાથજીની વિનંતિને માન આપીને **દશ માસ** સુધી અહિંના પ્રસિદ્ધ શ્રી **ઈન્દ્રદ્યુમ્ન સરોવર**ને કિનારે જ નિવાસ કરીને રહ્યા હતા અને અહિંના તમામ ક્ષેત્રોને પણ વિશેષ **તીર્થત્વ** આપીને **પાવન** કર્યા હતા. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન'** ગ્રંથ-શાસ્ત્રની **સંવાદ, સુવ્રતમુનિ અને રાજા પ્રતાપસિંહ**ના માધ્યમથી **સૌપ્રથમવાર** આવા મહિમાવંત અને તેમાં પણ સાક્ષાત્ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના મળેલા સ્વરૂપાનંદ સ્વામી-સુવ્રતમુનિ જેવા સંતો-ભક્તોના સાક્ષાત્ સંબંધથી સવિશેષ ગૌરવગાથાને પ્રાપ્ત કરેલા આ **જગન્નાથપુરી** મહાન તીર્થધામના **ચક્રતીર્થ** નામના સ્થાનમાં થયો હતો.

આવા ભાગ્યવંત તીર્થધામમાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અને તેઓશ્રીના શુભ સંકલ્પથી સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે **પુરી-કોણાર્ક હાઈવે** પર તન-મનને આંદોલિત કરતી નયનરમ્ય ભૂમિ ઉપર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તથા ગુજરાતના ગૌરવ સમાન ભવ્ય **શિખરબધ્ધ મંદિર**, દર્શનાર્થી લાખો **યાત્રિક** શ્રદ્ધાળુઓ માટે **રહેવા-જમવા**ની ઉત્તમ સુવિધાઓ, **કથાપારાયણ સભામંડપ, નિઃશુલ્ક વિદ્યાર્થી છાત્રાલય, દિવ્ય પ્રદર્શન** અને **વિશાળ પાર્કિંગ**નું નિર્માણકાર્ય તેમજ અનેકવિધ **આધ્યાત્મિક** તથા **સામાજિક કાર્યો** થશે. જે સંપ્રદાય જ નહિ, પરંતુ સમગ્ર ભારતીય સંસ્કૃતિનું ગૌરવ બની રહેશે.

ભારતી સંસ્કૃતિના દરેક પહેલુઓના રક્ષક અને સંપોષક જવાબદારીના પ્રતિક સમાન તૈયાર થનાર આ નૂતન મંદિર પરિસરના નવનિર્માણ કાર્યમાં આપણે પણ કંઈક યોગદાન કરીને આપણી માતૃસંસ્કૃતિના રક્ષણ માટે આવો આપણે સૌ સાથે હળી-મળીને એક મજબુત કદમથી આગેકૂચ કરીએ. આ સર્વ કલાયુક્ત મંદિર મુમુક્ષુ દર્શનાર્થી જીવાત્માના મનમાં આધ્યાત્મિકતા અને હૃદયમાં ભક્તિનો ભાવ પ્રગટ કરશે અને દર્શનાર્થી ભક્તોના અંતરાત્મામાં અમરછબી અંકિત કરતું **તીર્થધામ** પુરવાર થશે.







**• યાત્રિક નિવાસ સુવિધા**

